<u>પાણીનો કરકસર અને વિવેક-પૂર્વક</u>

<u>ઉપયોગ કરવા બાબત</u>

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર-

પરિપત્ર ક્રમાંકઃ- સકલ/૪૦૨૦૧૫/૭૪૭/પી

તારીખ : ૦૩/૦૫/૨૦૧૬

<u>પરિપત્ર</u> :-

વર્તમાન સમયની ટકાઉ વિકાસ (સંપોષિત વિકાસ) ની જરૂરીયાતને ધ્યાને લઇ, પર્યાવરણની જાળવણીના ભાગરૂપે દેશ તથા રાજ્યમાં પ્રવર્તી રહેલ પાણીની તંગીને નિવારવાના ભાગરૂપે, વિભાગ તથા વિભાગના તાબા હેઠળની તમામ કચેરીઓમાં પાણીનો કરકસર અને વિવેકપૂર્વક ઉપયોગ કરવાના હેતુસર નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા અને કરાવવા આથી જણાવવામાં આવે છે.

(૧) કચેરી (પોલીસ સ્ટાફ ક્વાર્ટર સહિત) માં ઉપયોગમાં લેવાતાં પાણીનો કરકસર અને વિવેકપૂર્વક ઉપયોગ કરવો/ કરાવડાવવો અને તે અંગે તમામ વ્યવસ્થા કરવી.

(૨) તમામ કચેરીઓ (પોલીસ સ્ટાફ ક્વાર્ટર સહિત) માં વરસાદી પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થા કરવી.

(૩) કચેરીઓમાં (પોલીસ સ્ટાફ ક્વાર્ટર સહિત) પાણી પુરવઠો ઉપલબ્ધ થતો હોય, તેવા તમામ સ્થળો પરની પાણીના પાઇપલાઇન, પાણીના સંગ્રહ માટેના પાત્રોના લીકેજ અંગેની ક્ષતિઓ દૂર કરવી તથા પાણી બચાવવા માટે પાઇપ લાઇન સમયસર બંધ કરવા વ્યવસ્થા ગોઠવવી.

(૪) કચેરીઓની (પોલીસ સ્ટાફ ક્વાર્ટર સહિત)ઓવર હેડ ટાંકીમાં પાણી ભરતી વખતે પાણીની ટાંકી ઓવર ફ્લો ન થાય તે અંગે નિયમિત મોનીટરીંગ કરવું.

(૫) કચેરીઓના (પોલીસ સ્ટાફ ક્વાર્ટર સહિત) ગાર્ડન, વૃક્ષ વનસ્પતિ તથા જેલ ખાતાની ઓપન જેલમાં કરવામાં આવતી ખેતીને ટપક સિંચાઇ તથા ફુંવારા પદ્ધતિ અમલમાં લાવવી.

(૬) ગુજરાત પોલીસ આવાસ નિગમ લી દ્વારા હવે પછી બાંધવામાં આવનાર સ્ટાફ ક્વાર્ટર તથા કચેરીઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની ટેકનિકલ વ્યવસ્થા ગોઠવવી.

(૭) કચેરીની ગાડી ધોવા માટે પાણીનો થતો વ્યય અટકાવવા વ્યવસ્થા કરવી તથા ડ્રાઇવરોને પાણીની પાઇપ લાઇન સમયસર બંધ કરવા સૂચના આપવી/વ્યવસ્થા ગોઠવવી.

(૮) કચેરીઓમાં રજાના દિવસો પહેલા દરેક નળ ચેક કરી બંધ કરવા વ્યવસ્થા ગોઠવવી, જેથી રજાના સમય દરમ્યાન ચાલુ નળ મારફત વહી જતું પાણી અટકાવી શકાય.

(૯) કચેરીમાં પાછલા દિવસે વધેલું પાણી કચેરીના વૃક્ષ, વનસ્પતિ માટે વાપરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૦) પાણી માટે વધુ વરસાદ મેળવવા દરેક અધિકારી/ કર્મચારીએ એક વૃક્ષ વાવવું અને તેનું જતન કરવાની વ્યવસ્થા ગોઠવવી.

(૧૧) પાણીના કરકસર પૂર્વકના ઉપયોગ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીનું યોગ્ય ઇનામ દ્વારા સન્માન કરવું.

(૧૨) ગુજરાત સરકારના **WASMO** (Water and Sanitation Management Organisation) તરફથી પાણી બચાવવા/ પાણીનો વ્યય અટકાવવા સબંધેના સૂત્રો મારફતે પાણી બચાવવા અંગે વધુમાં વધુ પ્રચાર અને પ્રસાર થાય તે માટે વ્યવસ્થા ગોઠવવી.

(૧૩) ઉપર જણાવેલ કુલ-૧૨ મુદ્દા તથા તે ઉપરાંત પાણી બચાવવા તમામ પ્રયત્નો કરવા/ કરાવવા તથા વ્યવસ્થા ગોઠવવી અને તેનું સબંધિત અધિકારીશ્રી દ્વારા મહિનામાં એક વાર ફરજિયાત મોનીટરીંગ કરી, ફોટા સહિતનો અદ્યતન માસિક અહેવાલ દર મહિનાની દસમી તારીખ સુધીમાં ખાતાના વડા મારફત સબંધિત સંયુક્ત/ નાયબ સચિવશ્રી મારફત અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ને રજૂ કરવાનો રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.**

**(નયના પટેલ)**
ઉપસચિવ,
ગૃહ વિભાગ

બિડાણ: **WASMO**, ગુજરાત સરકાર તરફથી મળેલ સૂત્રો

**<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે</u>:-**

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ),ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે ઉપ સચિવશ્રી/સેકશન અધિકારીશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ(બોર્ડ/નિગમ અને યુનિવર્સિટી સહિત).
- આઇ.ટી.શાખા, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
  સદરહું પરિપત્ર વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.

**<u>નકલ જાણ અર્થે</u>:-**

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

WASMO
ગુજરાત સરકાર

# જળ એ જ જીવન

WASMO
ગુજરાત સરકાર

## પાણીનો જ્યારે અભાવ થાય,
## ત્યારે તેનો ભાવ સમજાય

WASMO
ગુજરાત સરકાર

## સ્વચ્છ પાણીને ગામની સફાઈ,
## એમાંજ આપણી સૌની ભલાઈ

WASMO
ગુજરાત સરકાર

## ભણતર માટે પળ ન બગાડો,
## જીવન માટે જળ ન બગાડો

WASMO
ગુજરાત સરકાર

જનની દે છે જન્મ એકવાર,
પાણી દે છે જન્મ વારંવાર

WASMO
ગુજરાત સરકાર

ચોખ્ખું પાણી જીવન ટકાવે,
દૂષિત પાણી જીવન ટૂંકાવે

WASMO
ગુજરાત સરકાર

જેની બુદ્ધિ શાણી તે બચાવે પાણી

WASMO
ગુજરાત સરકાર

ગંદુ ગામ રોગનું ધામ

WASMO
ગુજરાત સરકાર

આ સૃષ્ટિને છે પાણીની જરૂરિયાત,
બચાવવું પડશે તેને ફરજિયાત

WASMO
ગુજરાત સરકાર

માનવજીવનને કરવા આબાદ,
પાણીનું બુંદ ન કરો બરબાદ

WASMO
ગુજરાત સરકાર

સ્વચ્છ પાણી પીવો,
સુખી જીવન જીવો

WASMO
ગુજરાત સરકાર

ઢાંકીને પાણી તંદુરસ્તી આણી

WASMO
ગુજરાત સરકાર

ઈશ્વર અલ્લાહ એક છે,
પાણી બચાવે તે નેક છે

WASMO
ગુજરાત સરકાર

જાન છે તો જહાન છે,
પાણી બચાવે તે મહાન છે

WASMO
ગુજરાત સરકાર

સુકી ધરા સુકાં વન,
જળ સંચયથી નંદનવન

WASMO
ગુજરાત સરકાર

જળ હશે તો મન હસે,
આપણા સૌના જીવન વસે

WASMO
ગુજરાત સરકાર

પાણીનો ઉપયોગ કરવો એ આપણો હક છે,
પરંતુ સદુપયોગ કરવો ફરજ છે

WASMO
ગુજરાત સરકાર

દુષ્કાળની આ રાત આવી,
પાણી બચાવવાની વાત લાવી

WASMO
ગુજરાત સરકાર

ચાલો બચાવીઓ પાણી જેમ વાપરીએ દાણા,
ચાલો બચાવીએ પાણી જેમ બચાવીએ નાણાં

WASMO
ગુજરાત સરકાર

ઢોલી ઢોલ ઢીબીને વગાડ,
પાણીનો કોઈ કરે ના બગાડ

WASMO
ગુજરાત સરકાર

આપણા શરીરના બે નિર્માતા,
પિતા હવા ને જળ એ માતા

WASMO
ગુજરાત સરકાર

પાણી પૂરતું નથી, બચાવવું જરૂરી છે,
કહ્યું પૂરતું નથી, કરવું જરૂરી છે

WASMO
ગુજરાત સરકાર

પાણીનો જ્યારે અભાવ થાય,
ત્યારે તેનો ભાવ સમજાય

WASMO
ગુજરાત સરકાર

ચોખ્ખું પાણી જ્યાં જ્યાં પીવાય,
રોગ કદી નવ તે ઘર જાય

WASMO
ગુજરાત સરકાર

જળનું જે દિન મૂલ સમજાશે,
કૂવા નદીયું ફરી ઉભરાશે

WASMO
ગુજરાત સરકાર

જળ વડે જીવન લહેરાય,
જળ વિના જીવન સૂકાય

WASMO
ગુજરાત સરકાર

બાંધો ચેકડમ તળાવના પાળા, કરશે પાણીના રખવાળા,
જળસંકટને કરશે દૂર, પીવાનું પાણી મળશે જરૂર

WASMO
ગુજરાત સરકાર

અલગ અલગ છે સૂરજ ચંદર,
જીવન છે પાણીની અંદર

WASMO
ગુજરાત સરકાર

દુ:ખી થવાના દ્વાર ઘણા, ને સુખની એક જ બારી,
કરીએ જળનું જતન, છે આપણી જવાબદારી

WASMO
ગુજરાત સરકાર

પાણી પાણી સૌ કહે, પાણીનું જાણે નહી મૂળ,
પાણી તો છે જીવન, પાણી વિના સઘળું ધૂળ

WASMO
ગુજરાત સરકાર

સ્વચ્છ પાણીને ગામની સફાઈ,
એમાં જ આપણી સૌની ભલાઈ

WASMO
ગુજરાત સરકાર

નર, નારી અને નાના બાળ,
પીતા પહેલાં પાણી ગાળ